KIRLOSKAR PUMPS
NSIC
KDS+
Three Phase Monobloc Pumps UP TO 30 HP
SP
Self Priming Non-Clog Pump UP TO 25 HP
READY STOCK
Authorised Dealer & Stockists :-
SM INDUSTRIAL STORES
Plot No. C-1-B/205, Road No. 2, GIDC, Sachin, Surat.
Ph. 2399652 /3/4/5 M. 9904002901 to 8
E-mail : info@smsuratonline.in, Web : www.smindia.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

SUKHARAM OPTICAL HOUSE
બ્રાન્ડેડ ફ્રેમ
કોસ્મેટિક કોન્ટેક્ટ લેન્સ
ગોગલ્સ
સુખારામ ઓપ્ટિકલ હાઉસ
કોમ્પ્યુટરાઇઝડ આઇ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1687/57

વર્ષઃ ૧૬૧ અંક : ૨૧ * * * સંવત ૨૦૮૦ મહા સુદ ત્રીજ, સોમવાર ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

# ખેડૂતો ફરી જંગે ચઢ્યા : હરિયાણા, પંજાબ, દિલ્હીની સરહદ સીલ

**હરિયાણાના** 12 જિલ્લામાં કલમ 144 લાગુ કરવામાં આવી, 7 જિલ્લામાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવાઇ

**પંજાબના** ખેડૂતોની દિલ્હી કૂચ શરૂ, હરિયાણામાં અર્ધ લશ્કરી દળોની 64 કંપનીઓ તૈનાત કરવામાં આવી

**ખેડૂતોની** માર્ચને ધ્યાને લઇ રાષ્ટ્રીય રાજધાનીના ઉત્તરપૂર્વ જિલ્લામાં કલમ 144 હેઠળ પ્રતિબંધિત આદેશો

**ચંદીગઢ/નવી દિલ્હી, તા. 11 (PTI) :** પંજાબના ખેડૂત સંગઠનો દ્વારા દિલ્હી તરફ કૂચ કરવાની જાહેરાત બાદ હરિયાણા, પંજાબ અને દિલ્હીની સરહદોને સીલ કરી દેવામાં આવી છે. રવિવારે હરિયાણાના 12 જિલ્લામાં કલમ 144 લાગુ કરવામાં આવી છે. હરિયાણા માટે પહેલાથી જ મંજૂર કરાયેલી અર્ધલશ્કરી દળોની 50 કંપનીઓ ઉપરાંત, કેન્દ્રએ રવિવારે 14 વધુ કંપનીઓ હરિયાણા મોકલી હતી. હવે હરિયાણામાં અર્ધલશ્કરી દળોની 64 કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. જેમાં બીએસએફ અને સીઆરપીએફના જવાનો સામેલ છે.

આ તરફ દિલ્હીમા એક અધિકારીએ જણાવ્યું હતું કે, 13 ફેબ્રુઆરીએ ખેડૂતોની 'દિલ્હી ચલો માર્ચ'ને ધ્યાનમાં રાખીને રવિવારે રાષ્ટ્રીય રાજધાનીના ઉત્તરપૂર્વ જિલ્લામાં કલમ 144 હેઠળ પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા હતા. લગભગ 200 ખેડૂત સંગઠનો દ્વારા આયોજિત તેમની દિલ્હી ચલો માર્ચ હેઠળ મંગળવારે ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબના ખેડૂતો મોટી સંખ્યામાં રાષ્ટ્રીય રાજધાની તરફ કૂચ કરે તેવી અપેક્ષા છે. રવિવારે રજા હોવા છતાં, પોલીસ મહાનિર્દેશક શત્રુજીત કપૂરે સવારે જ સંવેદનશીલ જિલ્લાઓના પોલીસ અધિક્ષકો સાથે વાત કરીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. દરમિયાન સીઆઈડીએ અહેવાલ આપ્યો છે કે પંજાબના ખેડૂત સંગઠનોએ કૂચ શરૂ કરી દીધી છે અને સોમવારે સાંજ સુધીમાં હરિયાણા બોર્ડર પર પહોંચી જશે. 13 ફેબ્રુઆરીએ હરિયાણાની સરહદમાં પ્રવેશ કરીને અમે દિલ્હી

...અનુસંધાન પાના 2 પર



## કેન્દ્ર સરકારે ખેડૂત સંગઠનોને વાતચીત માટે બોલાવ્યા, સોમવારે સાંજે 5 વાગ્યે ચંદીગઢમાં બેઠક

**એક તરફ** પંજાબના ખેડૂતોએ હરિયાણા તરફ કૂચ શરૂ કરી દીધી છે, તો બીજી તરફ કેન્દ્ર સરકારે ખેડૂત સંગઠનોને વાતચીત માટે બોલાવ્યા છે. આ બેઠક સોમવારે સાંજે 5 વાગ્યે ચંદીગઢમાં યોજાશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા સંયુક્ત કિસાન મોરચાના પ્રમુખ જગજીત સિંહ દલ્લેવાલ અને કિસાન મજદૂર મોરચાના પ્રમુખ સર્વન સિંહ પંઢેરના નામે જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે 12 ફેબ્રુઆરીના રોજ સાંજે 5 વાગ્યે મહાત્મા ગાંધીજી. સેક્ટર-26, ચંદીગઢ સ્થિત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ પંજાબના જાહેર વહીવટીતંત્રના કાર્યાલયમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કેન્દ્ર સરકાર વતી કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડા, પીયૂષ ગોયલ અને નિત્યાનંદ રાય ભાગ લેશે. આ બેઠકમાં ખેડૂતો સાથે વાત કરીને ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવશે.

# 'અલ નિનો' નબળું પડી રહ્યું છે, ભારતમાં સારા ચોમાસાની આશા વધી: હવામાનશાસ્ત્રી

**'અલ નીનો'** નબળું પડવા લાગ્યું છે અને ઓગસ્ટ સુધીમાં 'લા નીના' સ્થિતિમાં પરિવર્તિત થવાની સંભાવના

**નવી દિલ્હી, તા. 11 :** હવામાનશાસ્ત્રીઓએ આગાહી કરી છે કે 2023ને ગરમ હવામાન વર્ષ બનાવ્યા પછી, 'અલ નીનો' સ્થિતિ આ વર્ષે જૂન સુધીમાં સમાપ્ત થઈ જશે, જેના કારણે આ વખતે સારા ચોમાસાના વરસાદની આશા વધી ગઈ છે. ઓછામાં ઓછી બે વૈશ્વિક આબોહવા એજન્સીઓએ ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે વિશ્વભરના હવામાનને અસર કરતું 'અલ નીનો' નબળું પડવા લાગ્યું છે અને ઓગસ્ટ સુધીમાં 'લા નીના' સ્થિતિમાં પરિવર્તિત થવાની સંભાવના છે. અલ નીલો એ વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરના પાણીની ગરમી છે.

ઘટનાક્રમ પર નજર રાખી રહેલા ભારતીય હવામાનશાસ્ત્રીઓએ કહ્યું છે કે જૂન-ઓગસ્ટ સુધીમાં 'લા નીના' સ્થિતિની રચનાનો અર્થ એ થઈ શકે છે કે આ વર્ષે ચોમાસાનો વરસાદ ગયા વર્ષની સરખામણીમાં સારો રહેશે.

પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ માધવન રાજીવને કહ્યું કે જૂન-જુલાઈ સુધીમાં 'લા નીના' સ્થિતિની સારી સંભાવના છે. જો અલ નીનો (અલ નીનો સધર્ન ઓસિલેશન)-તટસ્થ સ્થિતિમાં ફેરવાય તો પણ આ વર્ષે ચોમાસું ગયા વર્ષની સરખામણીમાં સારું રહેશે એવું તેમણે કહ્યું હતું.

ભારતના વાર્ષિક વરસાદના લગભગ 70 ટકા દક્ષિણ-પશ્ચિમ ચોમાસામાંથી આવે છે, જે કૃષિ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ છે. તે જીડીપીના લગભગ 14 ટકા જેટલો હિસ્સો ધરાવે છે અને દેશની 1.4 બિલિયન વસ્તીના અડધાથી વધુને રોજગાર આપે છે. યુએસ નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશને

...અનુસંધાન પાના 2 પર

## ગુલમર્ગમાં હિમવર્ષાથી પ્રવાસીઓની આતુરતાનો અંત





રશિયન પ્રવાસી એન્ડ્રુ માટે ઉત્તર કાશ્મીરના આ પ્રખ્યાત સ્કી રિસોર્ટમાં અફરવતના ઢોળાવ પર તેની સ્કીઇંગ કુશળતાને અજમાવવા માટે બરફવર્ષાની રાહ જોવી યોગ્ય હતી. મનોહર ગુલમર્ગ, તેના આકર્ષક પરિદશ્યો અને વિશ્વ-કક્ષાના સ્કીઇંગ ઢોળાવ માટે જાણીતું છે, તે તાજેતરના બે મહિનાના શુષ્ક સમયગાળા બાદ થયેલી તાજેતરની હિમવર્ષાથી સાહસિકો અને પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. પીક શિયાળા દરમિયાન બરફના અભાવે પર્યટન સાથે જોડાયેલા લોકોને નિરાશ કર્યા. કારણ કે, શિયાળાના રમતપ્રેમીઓઓ વિસ્તારને સફેદ થતાં જોવાની આતુરતાથી રાહ જોતા હતા, જે આખરે જાન્યુઆરીના અંતમાં બન્યું, જેનાથી સ્થાનિકો અને પ્રવાસીઓ બંનેના ચહેરા પર ખુશીઓ છવાઈ ગઈ હતી.

## ન્યૂઝ બ્રીફ

### કેજરીવાલ અને ભગવંત માન આજે અયોધ્યા જશે

**નવી દિલ્હી :** દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને પંજાબના તેમના સમકક્ષ ભગવંત માન સોમવારે અયોધ્યામાં નવા બનેલા રામ મંદિરનાં દર્શન કરવા જશે. એમ આપ સૂત્રોએ જણાવ્યું હતું. આમ આદમી પાર્ટી (આપ)ના કન્વીનરને 22 જાન્યુઆરીએ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેમણે કહ્યું હતું કે તેઓ તેમના પરિવાર સાથે પછીથી મંદિરની મુલાકાત લેવા માંગે છે. એક સૂત્રએ રવિવારે જણાવ્યું હતું કે, કેજરીવાલ અને માન આવતી

...અનુસંધાન પાના 2 પર

### દ. ફિલિપાઈન્સમાં ભૂસ્ખલનમાં મૃત્યુઆંક 54 થયો, 63 હજી ગુમ

**મનિલા:** દક્ષિણ ફિલિપાઈન્સમાં સોનાની ખાણકામના એક ગામમાં વિશાળ ભૂસ્ખલનથી મૃત્યુઆંક વધીને 54 થઈ ગયો છે અને 63 લોકો હજી પણ ગુમ છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. ઘણાં અઠવાડિયાંના મુશળધાર વરસાદ પછી મંગળવારે રાત્રે દાવોઓ ડી ઓરો પ્રાંતના મસારા ગામમાં ભૂસ્ખલન થયું હતું. દાવો ડી ઓરોની પ્રાંતીય સરકારે ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 54 મૃતદેહ મળી આવ્યા છે. ઓછામાં ઓછા 32 રહેવાસીઓ ઈજાઓથી બચી ગયા હતા, પરંતુ 63 ગુમ રહ્યા

...અનુસંધાન પાના 2 પર

### તા.૧૧-૦૨-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૦° સે. | ૧૬.૮° સે. | ૪૧% |

# હલ્દવાની હિંસા સંબંધે વધુ 25ની ધરપકડ: મુખ્ય કાવતરાખોર પણ હાથવેંતમાં

**જે 25ની** ધરપકડ થઇ તેમાંથી મોટાભાગના નૈનીતાલ જિલ્લાની હદમાંથી ઝડપાયા

**મુખ્ય** કાવતરાખોર પણ ટૂંકમાં ઝડપાઇ જવાની પોલીસે સંભાવના વ્યક્ત કરી

**હલ્દવાનીઃ તા. 11 (PTI) :** નૈનીતાલના એસએસપી પ્રહલાદ મીણાએ જણાવ્યું હતું કે, છેલ્લા 24 કલાકમાં હલ્દવાની હિંસાના સંબંધમાં વધુ 25 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

આમાંથી મોટા ભાગની ધરપકડ નૈનીતાલ જિલ્લાની હદમાંથી કરવામાં આવી છે. એસએસપીએ જણાવ્યું હતું કે, તેમણે બાણભૂલપુરા પોલીસ સ્ટેશનમાંથી કથિત રીતે લૂંટી લેવામાં આવેલો દારૂગોળો પણ તેઓની પાસેથી મળી આવ્યો છે.

પૂછવામાં આવ્યું કે શું ધરપકડમાં આ કેસના મુખ્ય આરોપી અબ્દુલ મલિકનો સમાવેશ થાય છે, એસએસપીએ કહ્યું કે તેની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

મલિકે કથિત રીતે ગેરકાયદે માળખું બનાવ્યું હતું જેના તોડી પાડવાથી શહેરમાં હિંસા ભડકી હતી અને પોલીસ અને મીડિયા

...અનુસંધાન પાના 2 પર

## હલ્દવાની હિંસા : ઉત્તરાખંડ સરકારે વધારાના કેન્દ્રીય દળોની માંગ કરી

**ઉત્તરાખંડ** સરકારે હલ્દવાનીમાં તૈનાત માટે વધુ કેન્દ્રીય દળોની માંગ કરી છે જ્યાં 8 ફેબ્રુઆરીએ ગેરકાયદે મદરેસાને તોડી પાડ્યા પછી હિંસા ફાટી નીકળી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટોળાની હિંસાનું કેન્દ્ર બનેલા બનભોપુરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ગૃહ મંત્રાલય પાસેથી કેન્દ્રીય અર્ધલશ્કરી દળોના લગભગ 100 કર્મચારીઓ ધરાવતી ચાર કંપનીઓની માગણી કરવામાં આવી છે. મુખ્ય સચિવ રાધા રતુરી દ્વારા આ વિનંતી કેન્દ્રને મોકલવામાં આવી હતી. બનભોપુરા વિસ્તારમાં કર્ફ્યુ યથાવત છે, પરંતુ શહેરના બહારના વિસ્તારોમાંથી હટાવી લેવામાં આવ્યો છે. શહેરમાં લગભગ 1,100 સુરક્ષાકર્મીઓ પહેલેથી જ તૈનાત છે. બનભોપુરામાં હજી પણ દુકાનો બંધ છે અને રસ્તાઓ સૂમસામ

...અનુસંધાન પાના 2 પર

# આજે બિહારમાં નીતિશ સરકારનો વિશ્વાસ મત, જેડીયુને જીતનો વિશ્વાસ

**જેડીયુની** વિધાનસભા દળની બેઠકમાં કેટલાક ધારાસભ્યોની ગેરહાજરી સૂચક બની

**ગેરહાજર** રહેનારાઓ ફ્લોર ટેસ્ટ દરમિયાન વિધાનસભામાં હાજર રહેશે : જેડીયુ

**પટણાઃ તા. 10 (PTI) :** નીતીશ કુમારના જેડી(યુ) એ રવિવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેના રાષ્ટ્રીય અધ્યક્ષ, જેમણે ભાજપ સાથે નવી સરકાર બનાવ્યા બાદ રેકોર્ડ નવમી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, તેઓ સોમવારે વિશ્વાસ મત જીતશે. રાજ્યના સંસદીય બાબતોના પ્રધાન વિજય કુમાર ચૌધરીએ, જેમણે જેડી(યુ) વિધાનસભ્ય પક્ષની બેઠક બોલાવી હતી, તેણે બે કે ત્રણ ધારાસભ્યોની ગેરહાજરીને વધુ મહત્ત્વ આપ્યું ન હતું અને અનિવાર્ય સંજોગો કારણભૂત ગણાવી કે જેના વિશે તેઓએ અગાઉ માહિતી આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગેરહાજર રહેનારાઓ ફ્લોર ટેસ્ટ દરમિયાન વિધાનસભામાં હાજર રહેશે. ચૌધરીએ જણાવ્યું હતું કે, ''એનડીએમાં અમારી પાસે કુલ 128 ધારાસભ્યોની સંખ્યા છે. 243 મજબૂત વિધાનસભામાં અમે આરામદાયક સ્થિતિમાં છીએ. અમારા તમામ ધારાસભ્યો ગૃહની અંદર હાજર રહેશે જ્યાં વિશ્વાસ મત પહેલા સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ આવશે.'' જેડી(યુ)ના વરિષ્ઠ નેતાએ બેઠકમાં ભાગ લેનાર ધારાસભ્યોની ચોક્કસ સંખ્યા અંગે સીધો જવાબ ટાળ્યો હતો.

ચૌધરીએ દાવો કર્યો હતો કે, ''બે અથવા ત્રણ સિવાયના બધા હાજર હતા. જેઓ આવ્યા ન હતા તેઓએ પક્ષના નેતૃત્વને અનિવાર્ય સંજોગો વિશે જાણ કરી હતી. જોકે, તેઓ આવતી કાલે ગૃહની અંદર હાજર હશે.'' નામ ન છાપવાનીની વિનંતી કરતા જેડી(યુ) સૂત્રોએ જણાવ્યું હતું કે, જે ત્રણ ધારાસભ્યો બેઠકમાં જોવા


...અનુસંધાન પાના 2 પર

## આનંદ મોહનના પુત્રની ફરિયાદ પર પટના પોલીસ તેજસ્વીના ઘરે પહોંચી

ફ્લોર ટેસ્ટ પહેલા બિહારમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે તેજસ્વી યાદવના ઘરની બહાર મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે સમગ્ર વિસ્તારને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે. પટના પોલીસને ફરિયાદ કરવામાં આવી છે કે તેજસ્વી યાદવે ધારાસભ્યોને બળજબરીથી તેમના નિવાસસ્થાનમાં બંધક બનાવી રાખ્યા છે. પટના એસડીએમ, સિટી એસપી સહિત અનેક પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. જ્યારે પોલીસટીમના આગમનના સમાચાર તેજસ્વી યાદવ પહોંચ્યા, ત્યારે તેઓ ધારાસભ્યો સુનીલ સિંહ અને શક્તિ યાદવ સાથે નિવાસની બહાર આવ્યા અને પોલીસ અધિકારીઓ સાથે વાત કરી. બાદમાં પોલીસ-પ્રશાસનની ટીમે તેજસ્વી યાદવના ઘરની બહાર બેરિકેડ લગાવી દીધા હતા. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત છે.

# જેફ બેઝોસે એમેઝોનના 12 મિલિયન શેર બે અબજ ડોલરમાં વેચ્યા

**બેઝોસે 7-8** ફેબ્રુઆરીએ કોમન સ્ટોકના 1,19,97,698 શેરના વેચાણની માહિતી યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશનને આપી



**સિએટલ, તા. 11 (AP) :** ઓનલાઈન પ્લેટફોર્મ એમેઝોનના એક્ઝિક્યુટિવ ચેરમેન જેફ બેઝોસે એમેઝોનના બે અબજ ડોલરથી વધુ મૂલ્યના 12 મિલિયન શેર વેચ્યા છે. તેમણે ફેડરલ રેગ્યુલેટરને મોકલેલી માહિતીમાં આનો સંકેત આપ્યો છે. યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઇસી)

...અનુસંધાન પાના 2 પર

# દેશમાં ટૂંક સમયમાં જ જીપીએસ આધારિત ટોલ કલેક્શન શરૂ કરવામાં આવશે : ગડકરી

**દેશમાં** હાલના હાઈવે ટોલ પ્લાઝાના સ્થાને હવે જીપીએસ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ લાગુ થશે : નીતિન ગડકરી

**સરકારે** રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર જીપીએસ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ લાગુ કરવા માટે સલાહકારની નિમણૂક કરી

**નવી દિલ્હીઃ તા. 11 :** સરળ ડ્રાઈવમાં વિક્ષેપ પાડતા કષ્ટદાયક ટોલ પ્લાઝા કદાચ સમાપ્ત થઈ જશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી હતી કે, જીપીએસ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ દેશમાં હાલના હાઈવે ટોલ પ્લાઝાની જગ્યા લઈ લેશે. માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રીએ જાહેરાત કરી હતી કે, આ પરિવર્તન આ વર્ષે એપ્રિલની શરૂઆતથી થશે. મંત્રીએ ગુરુવારે જણાવ્યું હતું કે, સરકારે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર જીપીએસ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ લાગુ કરવા માટે સલાહકારની નિમણૂક કરી છે.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મિનિસ્ટરે એમ પણ કહ્યું હતું કે, ફાસ્ટેગ્સ ઉપરાંત પ્રાયોગિક ધોરણે સિસ્ટમ રજૂ કરવામાં આવશે. આ પગલાનો હેતુ ટ્રાફિકની ભીડ ઘટાડવા અને હાઈવે પર મુસાફરી કરતા ચોક્કસ અંતર માટે વાહનચાલકો પાસેથી ચાર્જ લેવાનો છે. ગડકરીએ અગાઉ જણાવ્યું હતું કે, રાજ્યની માલિકીની એનએચએઆઈની ટોલ આવક હાલમાં 40,000 કરોડ છે અને તે 2-3 વર્ષમાં વધીને 1.40 લાખ કરોડ થવા જઈ રહી છે.મંત્રીએ કહ્યું કે, ''સરકાર દેશમાં ટોલ પ્લાઝાને બદલવા માટે જીપીએસ-આધારિત

...અનુસંધાન પાના 2 પર

# પાકિસ્તાન ચૂંટણી : ખંડિત જનાદેશ બાદ ગઠબંધન સરકાર બનાવવાના પ્રયાસો ઝડપી બન્યા

**ઇમરાન** ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફનું સમર્થન ધરાવતા અપક્ષ ઉમેદવારોએ 101 બેઠકો જીતી

**નવાઝ** શરીફની મુસ્લિમ લીગે 75 જ્યારે બિલાવલ ભુટ્ટોની પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ 54 બેઠકો જીતી

**ઈસ્લામાબાદ, તા. 11 (PTI) :** પાકિસ્તાનની સામાન્ય ચૂંટણીઓમાં ખંડિત જનાદેશ ઉભરી આવ્યા બાદ રાજકીય પક્ષોએ રવિવારે ગઠબંધન સરકાર બનાવવાના તેમના પ્રયાસો

...અનુસંધાન પાના 2 પર

## નવાઝ શરીફે ગઠબંધન કરવાની વાતચીત માટેની જવાબદારી નાના ભાઇ શેહબાઝ શરીફને સોંપી

**પીએમએલ-**એનના વડા નવાઝ શરીફે પક્ષો સાથે વાતચીત કરવાની જવાબદારી તેમના નાના ભાઈ અને ભૂતપૂર્વ વડા

...અનુસંધાન પાના 2 પર